**ચોક બજાર પો.સ્ટે. હદ વિસ્તારમાં રાત્રીની ઘરફોડ ચોરી કરનાર ઇસમોને ચોરી કરેલ લેપટોપ નંગ-૩, ટી.વી. નંગ-૦૧ સાથે પકડી પાડી ગુના શોધી કાઢતી, સુરત શહેર ક્રાઇમ બ્રાંચ.**

સુરત શહેર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર તથા સુરત શહેરમાં નોંધાયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, સાદી ચોરી, લુંટના વણશોધાયેલ ગુનાઓ શોધી કાઢવા ક્રાઇમ બ્રાંચના PSI શ્રી આઇ.એસ.રબારી નાઓ તેમની ટીમના માણસો સાથે શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન હે.કો. હસમુખ કાનાભાઇ અને પો.કો. નવલેશ નટવરભાઇ નાઓને મળેલ બાતમી હકીકત આધારે આરોપી-(૧) જીગ્નેશ ઉર્ફે જીગો જીવરાજભાઇ બગડ ઉ.વ.૨૪ રહેવાસી-ઘર નં.૧૪૬, રીલાયન્સ નગર, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમરોલી, સુરત. મુળગામ- ઢાઢોદર તા.બરવાડા જી.બોટાદ તથા (૨) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર ઉ.વ. ૧૭ વર્ષ ૮ માસ નાઓએ ચોરી અને છળકપટથી મેળવેલ લેનોવા કંપનીના લેપટોપ નંગ-૨, ડેલ કંપનીનું લેપટોપ નંગ-૦૧ તથા વીડીયોકોન કંપનીનું ૩૨ ઇંચના ટી.વી. મળી કુલ રૂ. ૫૩૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ચોકબજાર પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં. ૧૫૪/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૪૫૭,૩૮૦ મુજબનો વણશોધાયેલ ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.

પકડાયેલ આરોપી/કિશોરની પુછપરછમાં તેઓને આ ઘરફોડ ચોરી કરવા માટે આરોપી- અરવિંદ હીમ્મતભાઇ મકવાણા રહે. ગામ-દામનગર જી.અમરેલી હાલ રહે.સુરત રખડતો નાનો લઇ ગયેલ હતો. અરવિંદ મકવાણા નાનો અગાઉ ભાવનગરમાં ચોરીના ગુનાઓમાં પકડાયેલ હોવાનું અને તેણે ઘણી ચોરીઓ કરેલ હોવાનું જણાવે છે. હાલના પકડાયેલ આરોપી/બાળકિશોર નાઓ અન્ય ગુનાઓમાં સંડોવણી બાબતે તપાસ તજવીજ ચાલુ છે.